પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૫ | ૫ નવેમ્બર, ૨૦૧૭, રવિવાર ; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રેલવેએ વધારી ૬૦૦ ટ્રેનોની સ્પીડ

રેલ મંત્રાલયે ૧લી નવેમ્બરથી ૬૦૦ ટ્રેનોની ગતિ વધારી દીધી છે. જો કે અઢીસો જેટલી ટ્રેનની સમય સીમામાં કપાત કરી ટ્રેનોની સ્પીડ વધારાઈ છે.

### ફિલ્ડ માર્શલ કરિઅપ્પાને ભારત રત્ન આપવો જોઈએ

સેના પ્રમુખ જનરલ વિપિન રાવતે સ્વતંત્ર ભારતના પહેલા ફિલ્ડ માર્શલ કે.એમ. કરિઅપ્પાને દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની માંગ કરી છે.

### બિહારમાં ગંગાસ્નાન સમયે દુર્ઘટના

બિહારના બેગુસરાહમાં સિમરિયા ઘાટ પર ગંગા સ્નાન સમયે ભારે ભાગદોડ થઈ હતી. કુંજા અને કલ્પવાસના અવસર પર ભાગદોડ થતા ૩ના મોત નિપજ્યા છે જ્યારે ૧૦ને ઈજાઓ થઈ છે.

### વર્લ્ડ ફુડ ઈન્ડિયામાં ૮૦૦ કિલો ખીચડી બનાવાઈ

ખીચડીને આંતરરાષ્ટ્રીય વાનગી બનાવવાની કવાયત વચ્ચે દિલ્હીમાં ચાલી રહેલા વર્લ્ડ ફૂડ ઈન્ડિયામાં જાણીતા શેફ સંજીવકપુરે ૮૦૦ કીલો ખીચડી બનાવી હતી. ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં આ ઘટનાની નોંધ લેવાઈ છે.

# જીએસટીનો બોજ હજુ ઘટાડાશે : મોદી

**આર્થિક સુધારાઓ ઉપર કાર્યક્રમમાં મોદીના યુપીએ પર પ્રહાર : વિશ્વ બેંકમાં કામ કરી ચુકેલા લોકો ભારતની રેંકિંગમાં સુધારાને લઇને પ્રશ્નો ઉઠાવી રહ્યા છે જે આશ્ચર્યજનક છે : મજબૂત ઇચ્છાશક્તિથી પારદર્શક માહોલ**

નવીદિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીએસટી બોજને ઘટાડવા માટે કારોબારીઓ અને બિઝનેસ સમુદાયના લોકોને વધુ રાહત આપવાનો આજે સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ૧૦મી નવેમ્બરના દિવસે જીએસટી કાઉન્સિલની અતિમહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે જેમાં જરૂરી ફેરફારને અમલી કરવા અમે કટિબદ્ધ છીએ. જરૂરી ફેરફાર સુવિધાઓને ધ્યાનમાં લઈને કરવામાં આવનાર છે. તેમણે ઉમેર્યુ હતું કે, જીએસટીના અમલીકરણથી રેંકિંગમાં ભારતની સ્થિતિમાં વધુ સુધારો થશે. આગામી વર્ષે વર્લ્ડ બેંકના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતની રેંકિંગમાં સુધારો થશે. તેમણે એમ પણ કહ્યું



હતું કે, સૌથી મોટા કરવેરા સુધારાની અસર હવે જોવા મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતના રેંકિંગમાં સુધારા પર જારી રાજકીય ખેંચતાણ વચ્ચે અગાઉની યુપીએ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ નામ લીધા વગર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, વર્લ્ડબેંકમાં કામ કરી ચુકેલા લોકો પણ ભારતના રેંકિંગમાં સુધારાને લઈને પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. મોદીએ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચેના વર્ષોનો ઉલ્લેખ કરતા યુપીએ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. દિલ્હીના પ્રવાસી ભારતીય કેન્દ્રમાં આર્થિક સુધારા પર આયોજિત કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે, કેટલાક લોકોને ભારતની રેંકિંગમાં સુધારાની વાત સમજાઈ રહી નથી. ભારતની રેંકિંગ સુધરીને ૧૦૦ થઈ ગઈ છે તે બાબતમાં આવા લોકોને કોઈ લેવા દેવા નથી. આમાથી કેટલાક લોકો તો એવા છે જે વર્લ્ડબેંકમાં પણ રહી ચુક્યા છે. તેઓ આવા લોકોને કહેવા માંગે છે કે, જો કાયદામાં સુધારો કરવામાં આવશે તો આની ક્રેડિટ આપને મળે છે. દેશની સ્થિતિને સુધારવા માટે આવા લોકોએ કંઈ કર્યુ નથી પરંતુ જે વ્યક્તિ કરી રહ્યા છે તેમને પ્રશ્નો પુછવામાં આવી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની પ્રક્રિયા ૨૦૦૪માં શરૂ થઈ હતી. હકીકતમાં આ ખુબ મહત્વપૂર્ણ સમયગાળો હતો. નામ લીધા વગર યુપીએ સરકાર ઉપર પ્રહારો કરતા તેમણે કહ્યું હતું કે ત્યારબાદ ૨૦૧૪ સુધી કોની સરકાર

● અનુસંધાન પાન-૬ પર

# બેગુસરાયમાં કાર્તિક પુનમના દિવસે સ્નાન વેળા ભાગદોડ

**ભાગદોડની ઘટનામાં ત્રણના મોત, અનેક ઘાયલ : મૃતકોમાં મોટી વયની મહિલા સામેલ : ઘાયલને સારવાર અર્થે ખસેડાયા : મૃતકોના પરિવારોને ૪ લાખની જાહેરાત**



બેગુસરાય,તા. ૪

બિહારના બેગુસરાયમાં કાર્તિકી પુનમના દિવસે આજે મોટી ઘટના બની હતી. આજે સવારે સ્નાન પુજા કરીને પરત ફરી રહેલા લોકોમાં ભાગદોડ મચી જતા ઓછામાં ઓછા ત્રણ શ્રદ્ધાળુઓના મોત થયા છે. મૃત્યુ પામેલામાં મોટી વયની મહિલાઓનો સમાવેશ થાય છે. જિલ્લા વહીવટીતંત્રના તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે મૃતકોના પરિવારના સભ્યોને ચાર ચાર લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સિમરિયામાં હાલમાં અર્ધ કુંભ પણ જારી છે. જ્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ રહ્યા છે. મળેલી માહિતી મુજબ

● અનુસંધાન પાન-૬ પર

# હવે ડિજિટલ લેવડદેવડમાં ૮૦ ટકા વધારો

નવી દિલ્હી, તા. ૪

દેશમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ડિજિટલ લેવડદેવડમાં ૮૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. સત્તાવાર આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. કુલ મળીને આ રકમ ૧૮૦૦ કરોડ સુધી પહોંચી જવાની આશા છે. નોટબંધીના કારણે બની રહેલા માહોલના લીધી ડિજિટલ લેવડદેવડમાં વધારો થયો છે. આ વર્ષે ઓક્ટોબર સુધી ડિજિટલ લેવડદેવડની કિંમત ૧૦૦૦ કરોડથી વધારે સુધી પહોંચી ગઈ હત. આ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં થયેલા કુલ ડિજિટલ લેવદદેવડની બરોબર છે. ડિજિટલ લેવડદેવડ હવે એક પ્રવાહ તરીકે છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના કહેવા મુજબ જુન, જુલાઇ અને ઓગષ્ટ મહિનામાં ૧૩૬-૧૩૮ કરોડ રૂપિયાની ડિજિટલ લેવડદેવડ થઈ છે. જોવા લાયક બાબત એ છે કે માર્ચ અને એપ્રિલ મહિનામાં જ્યારે નોટબંધીના કારણે રોકડ રકમની કટોકટી દુર તવા લાગી ગઈ હતી ત્યારે ડિજિટલ લેવડદેવડમાં વધારો જોવા મળ્યો છે. આ બન્ને મહિનામાં ૧૫૬ કરોડ રૂપિયાની ડિજિટલ લેવડદેવડ તઈ છે. ત્યારબાદથી ૧૩૬-૧૩૮ કરોડના સરેરાશ સાથે ડિજિટલ લેવડદેવડ થઈ રહી છે. આ રિપોર્ટ હવે સંસદની નાણાંકીય સ્થાયી સમિતીની સામે મુકવામાં આવી છે.

# ચેન્નાઈમાં વરસાદથી જળબંબાકાર

**વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૬ના મોત : છેલ્લા આઠ દિવસમાં સિઝનનો ૩/૪ વરસાદથી ભારે મુશ્કેલી સર્જાઈ : સમગ્ર ચેન્નાઈમાં તળાવમાં ફેરવાઈ ગયું છે**

ચેન્નાઈ, તા. ૪

તમિળનાડુના પાટનગર ચેન્નાઈમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે લોકોની હાલત કફોડી બની ગઈ છે. રેકોર્ડ વરસાદ નોંધાયો છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ પ્રવર્તી રહી છે. સતત વરસાદના કારણે પાટનગર ચેન્નાઈ સરોવરમાં ફેરવાઈ ગયું છે. અભૂતપૂર્વ વરસાદનો દોર જારી છે. મૃતકોની સંખ્યા વધીને ૧૬ થઈ ગઈ છે. ચેન્નાઈમાં સમગ્ર સિઝનનો ૩/૪ વરસાદ માત્ર આઠ દિવસમાં થઈ ચુક્યો છે. ચેન્નાઈમાં હજુ સુધી આ વર્ષે ઉત્તર પૂર્વ મોનસુનની એન્ટ્રી થયા બાદથી ૫૫૪.૨ મીમી વરસાદ થયો છે. ચેન્નાઈમાં સમગ્ર સિઝનમાં પહેલી ઓક્ટોબરથી ૧૫મી ડિસેમ્બર વચ્ચે આશરે ૭૫૦ મીમી વરસાદ થાય છે. આવી જ રીતે હજુ સુધી શહેરમાં ૭૪ ટકા વરસાદ થયો છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે સ્કૂલ, કોલેજો, વેપારી પેઢીઓ, આઈટી સંસ્થાઓ બંધ છે.


હવામાન વિભાગના કહેવા મુજબ આગામી દિવસોમાં હજુ નોંધપાત્ર વરસાદ થઈ શકે છે. ચેન્નાઈમાં ૪૪૧.૩ મીમી વરસાદ થઈ ચુક્યો છે. ગુરુવારના દિવસે ચેન્નાઈમાં વરસાદ નવેમ્બરના ઈતિહાસમાં હજુ સુધીનો સૌથી વધારે વરસાદ નોંધાયો છે. થોડાક ગાળા બાદ શુક્રવારના દિવસે પણ ભારે વરસાદ થયો છે. ગાડીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

# દેશભરમાં પદ્માવતિ ફિલ્મનો વકરતો વિવાદ : ઉગ્ર રોષ

**ચિત્તોડગઢ બંધની ઘોષણા : પહેલી ડિસેમ્બરે બંધ : જૌહર સ્મૃતિ સંસ્થા અને રાજપુત કરણી સેના મેદાનમાં : નિર્દેશક સંજય લીલા ચિંતાતુર છે**

જયપુર,તા. ૪

બોલિવુડના જાણીતા નિર્દેશક સંજય લીલા ભણસાલીની મહત્વકાંક્ષી ફિલ્મ પદ્માવતિને લઈને જારી વિવાદ શાંત થઈ રહ્યો નથી. દેશના જુદા જુદા ભાગોમાં ફિલ્મને લઈને વિવાદ જારી છે. રાણી પદ્માવતિને લઈને અલાઉદ્દીન ખિલજીના પ્રેમને લઈને પટકથાનો જોરદાર વિરોધ કરવામાં આવી રહ્યો છે. રાજપુત સમુદાયના લોકોએ ગુજરાત સહિત દેશના જુદા જુદા ભાગોમાં વિરોધ જારી રાખ્યો છે. ફિલ્મની રજૂઆતના પ્રસંગે એટલે કે પહેલી ડિસેમ્બરે હવે ચિત્તોડગઢ બંધની જાહેરાત કરવામાં આવી છે. રાણી પદ્માવતિની પટકથા ૧૩મી અને ૧૪મી સદીની છે. જે ચિત્તોડગઢની રાણી હતી. ફિલ્મના નિર્માણથી લઈને રજૂઆત સુધી વિવાદ જારી રહ્યો છે. ફિલ્મની રજૂઆતની તારીખ નજીક આવ્યા બાદ વિરોધ વધી રહ્યો છે. રાજસ્થાનના ઉદયપુર સંભાગના ચિત્તોડગઢ જિલ્લામાં ફિલ્મની રજૂઆત સામેના વિરોધ કરી સ્કુલો બંધ રાખવામાં આવી હતી. બીજી બાજુ પહેલી ડિસેમ્બરના દિવસે ચિત્તોડગઢમાં બંધની જાહેરાત કરવામાં આવી છે. જૌહર સ્મૃતિ સંસ્થા દ્વારા વિરોધની જાહેરાત કરવામાં આવી છે. આ સંગઠનની સ્થાપના ૧૯૫૦માં કરવામાં આવી હતી. મેવાડના શાસકોની ગૌરવ ગાથાને ફરીથી




૧૪મી અને ૧૬મી સદીમાં લખવામાં આવ્યુ હતુ. ફિલ્મની રજૂઆતને લઈને વિરોધની શરૂઆત કરવામાં આવતા સંજય લીલાની તકલીફ વધી રહી

● અનુસંધાન પાન-૬ પર

# દેશ ૨૦૨૨ સુધી ગરીબી અને ભ્રષ્ટાચારથી મુક્ત : નીતિ આયોગ

નવીદિલ્હી, તા.૪

સરકારના થીંકટેંક ગણાતા નીતિ આયોગનું કહેવું છે કે, વર્ષ ૨૦૨૨ સુધી ગરીબી, ગંદગી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, જાતિવાદ અને સાંપ્રદાયિકવાદથી મુક્ત ઈન્ડિયા થઈ જશે. નીતિ આયોગના નાયબ અધ્યક્ષ રાજીવ કુમારે ગવર્નન્સ કોન્ફરન્સમાં ન્યુ ઈન્ડિયા એટ ૨૦૨૨ દસ્તાવેજ રજૂ કરીને માહિતી આપી હતી. ડોક્યુમેન્ટમાં અંદાજ મુકવામાં આવ્યો છે કે, જો ભારત આઠ ટકાના દરે વર્ષ ૨૦૪૭ સુધી વિકાસ કરશે તો આવનાર સમયમાં દુનિયાની ટોપ ત્રણ ઈકોનોમીમાં સામેલ થશે. દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૨૨ સુધી ભારત સંપૂર્ણપણે કુપોષણથી મુક્ત થશે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૨૦૧૯ સુધી ભારતમાં સરકાર પ્રધાનમંત્રી ગ્રામિણ સડક યોજના હેઠળ દેશના દરેક ગામથી કનેક્ટ થવામાં સક્ષમ થશે.







# ભારતે હળવા વજનના ગ્લાઈડ બોમ્બનું સફળ પરીક્ષણ કર્યુ

ન્યુ દિલ્હી,તા.૪

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) અને ઈન્ડિયન એરફોર્સે સ્વદેશી હળવા વજનના ગ્લાઈડ બોમ્બનું સફળ પરીક્ષણ કર્યુ છે. ઓરિસ્સાના ચાંદીપુર ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતેથી શુક્રવારે આ પરીક્ષણ કરાયું હતું.

આ બોમ્બને સ્માર્ટ એન્ટી-એરફિલ્ડ વેપન (સાવ) કહેવામા આવે છે. ઈન્ડિયન એરફોર્સ (આઈએએફ)ના વિમાનમાંથી આ બોમ્બનો પ્રહાર કરાતા તેને નેવિગેશન સિસ્ટમથી દિશાસૂચન અપાય છે.

